મનપામાં દુકાળમાં અધિક માસ જેવી સ્થિતિ

# ઉચ્ચ અધિકારીઓની અછત વચ્ચે ઈનચાર્જ સિટી ઈજનેર નિવૃત થશે

**10 હજાર કરોડોનું બજેટ ધરાવતી સુરત મનપામાં 15 માસમાં ત્રીજી વખત ઇનચાર્જ સિટી ઇજનેરની નિમવાની મજબૂરી**

સુરતઃ છેલ્લાં ત્રણ ચાર વર્ષથી સુરત મનપામાં ઉચ્ચ અધિકારીઓની અછત વર્તાઇ રહી છે. ડેપ્યુટી કમિશનર, આસિસ્ટન્ટ કમિશનર, એડિશનલ સિટી ઈજનેર અને કાર્યપાલક ઈજનેરોની સમયસર ભરતી નહીં થતા 10 હજાર કરોડનું બજેટ ધરાવતી સુરત મનપામાં ઉચ્ચ અધિકારીઓની જગ્યા પર ઇનચાર્જથી ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે. સુરત મનપામાં નેકસ ટુ કમિશનર ગણાતી સિટી ઈજનેરની પોસ્ટ પર પણ 15 માસથી ઈનચાર્જ અધિકારીથી કામ ચલાવવું પડી રહ્યું છે. ત્યારે હવે વર્તમાન ઈનચાર્જ સિટી ઈજનેર ડી.સી. ભગવાગર પણ 30 જૂનના રોજ વયનિવૃત્ત થઈ રહ્યા હોવાથી, 1 જુલાઈથી સુરત શહેરને સતત ત્રીજી વખત ઈનચાર્જ સિટી ઈજનેરની નોબત આવશે.

સુરત મનપામાં સિટી ઈજનેર પદેશી અક્ષય પંડયાની નિવૃતિ બાદ છેલ્લા 15 મહિનામાં ત્રીજી વખત ઈનચાર્જ સિટી ઈજનેર નિમવાનો સમય આવ્યો છે. ભગવાગરની પહેલા જતીન દેસાઈ ઈનચાર્જ સિટી ઈજનરે રહી ચૂકયા છે. તેમની નિવૃત્તિ બાદ ભગવાગર અને હવે તે પણ નિવૃત થતા સિટી ઈજનેરોનો ચાર્જ આપવા માટે એકમાત્ર વિકલ્પ એવા એડિશનલ સિટી ઈજનેર મહેશ ચાવડાને સિટી ઈજનેર બનાવાયા તેવી શકયતા છે. ડી.સી. ભગવાગર ડ્રેનેજ, બ્રિજ અને ગાર્ડન સહિતના ચાર મહત્વના વિભાગો હેન્ડલ કરી રહ્યા છે, તેની વહેંચણી ઉચ્ચ અધિકારીઓની અછત વચ્ચે કઈ રીતે કરવી તે કમિશનર માટે મોટો કોયડો બન્યો છે.

### ઇનચાર્જ પર ઇનચાર્જ : 3 કાર્યપાલક ઇજનેરને સિટી ઇજનેર બનાવવાની શક્યતા

ઉચ્ચ અધિકારીઓની અછત છતાં શાસકો ખાલી પડેલી જગ્યાઓ ભરવા મુદ્દે હજુ અનિર્ણાયક સ્થિતિમાં છે. તેથી હવે મહત્વના વિભાગોનું યોગ્ય રીતે સંચાલન કરવા માટે ત્રણ કાર્યપાલક ઇજનેરોને ઇનચાર્જ સિટી ઇજનેર બનાવવા વિચારણા ચાલી રહી હોવાનું મનપાનાં સૂત્રો જણાવી રહ્યા છે. જેમાં મહિલા કાર્યપાલક ઇજનેર કામિની દોશી અને મેઘાવી દેસાઇ ઉપરાંત તેજશ પટેલ અને સતિષ વસાવા, મીનેશ પટેલ પૈકી ત્રણને ચાન્સ અપાય તેવી ચર્ચા ચાલી રહી છે.

# પ્રથમ દિવસે 5.30 લાખ બાળકોને પોલિયો રસી અપાઈ

**એરપોર્ટ, રેલ-વે, બસ સ્ટેશન સહિતનાં જાહેર સ્થળોએ ખાસ બૂથ કાર્યરત કરાયાં**

સુરતઃ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં 28 જૂન રવિવારથી સઘન બાળલકવા નાબૂદી અભિયાન (નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે)નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેના પ્રથમ દિવસે જ 5 વર્ષ સુધીના 5,30,975 બાળકોને પોલિયોની રસી પીવડાવીને 77.59% જેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ કાર્યક્રમનો શુભારંભ સુરતના જુદા જુદા 9 ઝોનના અર્બન હેલ્થ સેન્ટરો ખાતે મેયર માયાબેન માવાણી, ડેપ્યુટી મેયર સુધાકરભાઈ ચૌધરી, ધારાસભ્યો મનુભાઈ પટેલ, અરવિંદ રાણા અને પ્રવિણભાઈ ઘોઘારી સહિત વિવિધ પદાધિકારીઓ, દંડક, શાસક પક્ષના નેતા, કોર્પોરેટરો અને આરોગ્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં ભૂલકાઓને રસીના ટીપા પીવડાવીને કરાયો હતો.

ઉલ્લેખનીય છે કે ભારતમાં જાન્યુઆરી 2011માં અને સુરત શહેરમાં છેલ્લે ફેબ્રુઆરી 1999માં બાળલકવાનો પોઝિટિવ કેસ નોંધાયા બાદ આજ દિન સુધી એક પણ કેસ જોવા મળ્યો નથી.

આરોગ્ય અધિકારી ડૉ. પ્રદીપભાઈ ઉમરીગરના જણાવ્યા મુજબ, આ સઘન ઝુંબેશને સફળ બનાવવા માટે 80 ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરો પરથી 3,378 રસીકરણ બૂથ તેમજ મોબાઈલ-ટ્રાન્ઝીટ અને રિઝર્વ ટીમ મળીને કુલ 3,797 ટીમો કાર્યરત કરવામાં આવી હતી, જેમાં 570 સુપરવાઈઝરો, મહાનગરપાલિકાના સ્ટાફ અને વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ સહિત કુલ 7,728થી વધુ કર્મચારીઓએ ભાગ લીધો હતો.

આ મહાઅભિયાન અંતર્ગત પ્રથમ દિવસે બૂથ પર રસીકરણ કર્યા બાદ હવે આગામી ત્રણ દિવસ એટલે કે 29 જૂનથી 1 જુલાઈ (સોમવારથી બુધવાર) દરમિયાન આરોગ્ય કાર્યકરો દ્વારા ઘરે-ઘરે ફરીને વંચિત રહી ગયેલા બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવશે.

# પુત્રની આંખો મોબાઈલ સ્ક્રીનમાં સન્ની પટેલને શોધી રહી છે

**કતારનો ગુજરાતી સમાજ પડખે રહ્યો : રવિ પટેલ**





(તસવીર : હેમંત ડેરે)

સુરત : અઠવાડિયા અગાઉ ૨૧ જૂનનાં રોજ કતાર ખાતેની ગેસ કંપનીમાં મેઈન્ટેનન્સ દરમિયાન અકસ્માતે મોટો વિસ્ફોટ થયો હતો. જેમાં આશરે તેર જેટલા લોકો મૃત્યુ પામ્યા. આ પૈકી એક નામ સુરતના ભીમપોર ગામના યુવાન સન્ની પટેલનું પણ હતું. શનિવારે સવારે સન્નીના પાર્થિવ દેહ સાથે મોટો ભાઈ રવિ કતારથી સુરત આવી પહોંચ્યો અને અંતિમ સંસ્કાર કરાયા. એ પછી આજ રોજ મીડિયા સાથે વાત કરતા મૃતકના સ્વજનોએ ઘટના અંગે માહિતી આપી હતી.

ગત રવિવારે થયેલ અકસ્માતમાં વિસ્ફોટ એટલો મોટો હતો કે ૩૫-૪૦ કિલોમીટર દુર સુધી ધડાકો સંભળાયો હતો. ઘટનાની જાણ થતા જ રવિ પોતાના ભાઈ અંગે માહિતી મેળવવા ઘટનાસ્થળે પહોંચી ગયો, પરંતુ લગભગ ત્રણેક દિવસ સુધી કોઈ ભાળ મળી નહોતી. મૃતદેહોની ઓળખવિધિ દરમિયાન રવિએ પોતાના ભાઈના મૃતદેહને ઓળખી બતાવ્યો હતો.

### એમ્બેસી અને સંસ્થાઓ સતત મદદે રહ્યા

આખા દુખદ ઘટનાક્રમ દરમિયાન ભારતીય એમ્બેસી સતત રવિનાં સંપર્કમાં રહી. સાથે જ દોહા-કતારમાં કાર્યરત ગુજરાતી સમાજનું સંગઠન પણ મદદગાર સાબિત થયું. આ સંગઠનના યુવાનો તથા દીપાબેન અને દ્રષ્ટિબેન જેવા મહિલાઓ સતત રવિભાઈની સાથે રહ્યા. સુરતથી ગૃહમંત્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટિલ તેમજ વિદેશમંત્રી એસ. જયશંકર પણ બનતા તમામ પ્રયત્નો કરી રહ્યા હતા.

### શું રવિ ફરી કતાર જશે?

બંને ભાઈઓ પરિવારની આર્થિક મદદ માટે કતાર ગયેલા ભીમપોરના બે ભાઇઓના ઘરનું ઘણું સમારકામ થઇ ગયું છે, પણ હજી થોડું કામ બાકી છે. દુનિયાદારીથી અજાણ સન્નીનો નાનકડો પુત્ર પણ હજી મોબાઈલમાં પિતાનો ફોટો જોતો રહે છે. હવે પરિવાર નથી ઈચ્છતો કે મોટો ભાઈ રવિ ફરી કતાર જાય, પણ રવિ કહે છે કે હવે પરિવારની જવાબદારી જ્યારે એકલા હાથે ઉપાડવાની છે ત્યારે રોજગાર ખાતર ફરી ગયા વિના છૂટકો નથી!

# સ્મીમેરમાં માર્શલ અને વોર્ડ બોય વચ્ચે મારામારી

**વોર્ડ બોયે આઇકાર્ડ માગનારો તું કોણ? કહેતા મામલો મારામારી સુધી પહોંચ્યો**

સુરતઃ પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં શનિવારે મોડી રાત્રે આઈકાર્ડ માંગવાના મુદ્દે માર્શલ અને વોર્ડ બોય વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થતાં હોસ્પિટલમાં હોબાળો મચી ગયો હતો. ઘટનામાં વોર્ડ બોયને ઈજા પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ખસેડવામાં આવ્યો હતો.

ડીંડોલીના રામીપાર્ક નજીક આવેલી સાંઈ દર્શન સોસાયટીમાં રહેતા 40 વર્ષીય ગોપાલ ગોવિંદરાવ પાટીલ સ્મીમેર હોસ્પિટલમાં વોર્ડ બોય તરીકે ફરજ બજાવે છે. શનિવારે તેમની નાઈટ ડ્યૂટી હોવાથી તેઓ પોસ્ટમોર્ટમ રૂમ પાસે આવેલા ગેટ તરફ પંચિંગ કરવા જઈ રહ્યા હતા. તે સમયે તેમણે હોસ્પિટલનો યુનિફોર્મ પહેર્યો ન હોવાથી વીઆઈપી ગેટ પર ફરજ બજાવતા માર્શલ જયદીપે તેમને અટકાવી ઓળખ અંગે પૂછપરછ કરી અને આઈકાર્ડ બતાવવા કહ્યું હતું.આ દરમિયાન ગોપાલે માર્શલને ''આઈકાર્ડ માંગનારો તું કોણ?''કહી જવાબ આપતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. મામલો વધુ ઉગ્ર બનતાં બંને વચ્ચે ઝપાઝપી થઈ અને માર્શલે વોર્ડ બોયને માર માર્યાનો આક્ષેપ છે. ઘટનાસ્થળે ભારે હોબાળો મચી જતાં હોસ્પિટલના અન્ય કર્મચારીઓ અને લોકો દોડી આવ્યા હતા.મારામારીમાં ગોપાલ પાટીલને મોઢાના ભાગે, છાતીમાં તેમજ ડાબા કાન પાસે ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચતા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# અડાજણના પેલેડિયમ સ્કાયમાં બે વર્ષમાં જ પાણી ગળવા લાગ્યું

**અધૂરી સુવિધાઓ અને મોટો અન્યાય થતાં રહીશો પહોંચ્યા રેરાના શરણે**



સુરતઃ સુરતના અડાજણ વિસ્તારમાં ગંગેશ્વર મહાદેવ મંદિર નજીક 'મારવેલા ગ્રુપ' (129 ઈન્ફ્રા) દ્વારા નિર્મિત 'પેલેડિયમ સ્કાય' પ્રોજેક્ટના ફ્લેટ ધારકો સાથે બિલ્ડરોએ છેતરપિંડી આચરી હોવાનો મામલો સામે આવ્યો છે. ફ્લેટ બુકિંગ સમયે બિલ્ડરોના ભાગીદારો જય અરુણ નાયક, જયેશ નાયક, ઝુલ્ફીકાર ઉર્ફે ઝુલુ બદામી, દીપેન દેસાઈ અને તુષાર પંડ્યા વગેરેએ બ્રોશરમાં આકર્ષક અને મોટી સુવિધાઓ આપવાના વચનો આપ્યા હતા. પરંતુ વર્ષ 2024 થી અહીં રહેવા આવેલા રહીશોને માત્ર બે જ વર્ષમાં બિલ્ડિંગમાં પાણી અને ભેજની ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. બિલ્ડરો સમક્ષ વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા, આખરે કંટાળીને રહીશોએ ગ્રાહકોના હક્કોના રક્ષણ માટે બિલ્ડરો સામે રેરા (RERA) માં કાયદેસરનો કેસ દાખલ કર્યો છે.

આ પ્રોજેક્ટના ચાર બિલ્ડિંગના રહીશો હાલ અનેક પ્રાથમિક અને માળખાકીય અસુવિધાઓથી ત્રસ્ત છે. સોસાયટીમાં ફાયર સેફ્ટીના ડેમો દરમિયાન મોટી ખામીઓ સામે આવી છે અને ચોમાસામાં લીકેજને કારણે વારંવાર ખોટા એલાર્મ વાગે છે. 'સી' અને 'ડી' બિલ્ડિંગ વચ્ચેના સ્પાઈન એક્સપાન્શન જોઈન્ટ તેમજ બેન્ક્વેટ હોલમાંથી થતા લીકેજ અને ડ્રેનેજના અપૂરતા નિકાલને કારણે બેઝમેન્ટ પાર્કિંગમાં સતત પાણી અને ગંદકી ભરાયેલી રહે છે. આ અંગે મનપાના અધિકારીઓએ પણ બિલ્ડરને જ જવાબદાર ઠેરવ્યા છે. આ ઉપરાંત, બિલ્ડરે દસ્તાવેજ મુજબ દરેક ફ્લેટ ધારકને બે કાર પાર્કિંગ ફાળવ્યા નથી, પાર્કિંગમાં બાંધકામનો કચરો ખડકી દીધો છે, અને નબળી ગુણવત્તાના સીસીટીવી કેમેરા આપ્યા છે. બ્રોશરમાં વચન આપ્યા મુજબના એન્ટ્રી ફોયર, વોલીબોલ કોર્ટ, ફિન્સ નેટ અને વોટર બોડી ડેવલપમેન્ટ જેવી એમેનિટીઝ પણ પૂરી પાડવામાં આવી નથી કે સોસાયટીના મેઈન્ટેનન્સ અને ડ્રેનેજના પ્લાન જેવા જરૂરી દસ્તાવેજો હેન્ડઓવર કરાયા નથી.

# પોલીસે જપ્ત કરેલી કારમાં આગ

**સ્થાનિક પોલીસે જપ્ત કરેલી કાર કંડમ હાલતમાં પડી હતી**

સુરતઃ રીંગ રોડ સ્થિત મિલેનિયમ માર્કેટ-01ની પાછળ આવેલા એસએમસી મલ્ટિલેવલ પાર્કિંગ નજીકના મેદાનમાં પાર્ક કરેલી એક કારમાં રવિવારે વહેલી સવારે અચાનક આગ ભભૂકી ઊઠતા વિસ્તારમાં થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી. આગ લાગેલી કાર સ્થાનિક પોલીસ દ્વારા જપ્ત કરાયેલી કંડમ કાર હોવાનું જાણવા મળ્યું છે.

વહેલી સવારે મેદાનમાં પાર્ક કરેલી કારમાંથી ધૂમાડા અને આગની જ્વાળાઓ નીકળતી જોવા મળતા આસપાસના લોકોએ તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. નવસારી બજાર ફાયર સ્ટેશનની ટીમે સ્થળ પર પહોંચીને આગને કાબૂમાં લેવા માટે કામગીરી હાથ ધરી હતી. ફાયર સબ ઓફિસર રાજેશ દેશમુખના જણાવ્યા અનુસાર, આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ફાયર બ્રિગેડની ઝડપી કામગીરીને કારણે આગ નજીકના વિસ્તારમાં ફેલાતી અટકાવવામાં સફળતા મળી હતી. ઘટનાને પગલે થોડા સમય માટે લોકોના ટોળાં એકત્ર થયા હતા.

### સચિન GIDCમાં 17 વર્ષની કિશોરીએ ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું

સુરતઃ સચિન જીઆઇડીસી વિસ્તારમાં રહેતા એક શ્રમજીવી પરિવારની 17 વર્ષની કિશોરીએ ઘરમાં ફાંસો ખાઇ જીવન ટૂંકાવી લીધું છે. મૂળ ઉત્તરપ્રદેશના ફતેહપુર જિલ્લાના બેરહરા ગામના વતની પરસુરામ નિષાદ હાલ પરિવાર સાથે સચિન જીઆઇડીસીના તલંગપુર રોડ પર આવેલા પંચવટી નગરમાં રહે છે અને મજૂરી કામ કરે છે. તેમની 17 વર્ષીય પુત્રી જ્યોતિ માતાને ઘરકામમાં મદદ કરતી હતી. શનિવારે સાંજે માતા અને બહેન બહાર ગયા હતા. ત્યારે જ્યોતિ ઘરમાં એકલી હતી. આ દરમિયાન તેણે પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઇ લીધો હતો. થોડીવાર બાદ માતા અને બહેન ઘરે પરત ફરતાં જ્યોતિને ફાંસો ખાધેલી હાલતમાં જોઈ તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી.

### 6 વર્ષના પુત્રની નજર સામે અકસ્માતમાં પિતાનું મોત

સુરતઃ સચિન GIDC વિસ્તારમાં શનિવારે સાંજે એક કરુણ અકસ્માતમાં થ્રી-વ્હીલ ટેમ્પાના ચાલકનું મોત નીપજ્યું હતું. કાપડ યુનિટ પાસે દોરી વડે ટેમ્પો સ્ટાર્ટ કરતી વખતે ટેમ્પો અચાનક ગિયરમાં હોવાથી આગળ વધી ગયો હતો. તેને રોકવા પાછળ દોડેલા ચાલક ટેમ્પો અને ઇલેક્ટ્રિક DP વચ્ચે દબાઈ જતાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. નવી સિવિલ હોસ્પિટલથી પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના શિખર ગામના વતની અને હાલમાં સચિન GIDCના પાલીગામ સ્થિત ડાયમંડ પાર્કમાં રહેતા 34 વર્ષીય રાજકુમાર પન્નારામ ચૌધરી શનિવારે સાંજે લક્ષ્મી ટેક્સટાઇલ પાર્કમાં કાપડના યુનિટમાંથી માલ લેવા માટે થ્રી-વ્હીલ ટેમ્પો લઈને ગયા હતા. માલ ભરતા પહેલાં તેઓ દોરી વડે ટેમ્પો સ્ટાર્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તે દરમિયાન ટેમ્પો ગિયરમાં હોવાથી અચાનક આગળ દોડવા લાગ્યો હતો. ટેમ્પાને રોકવા માટે રાજકુમાર તેની પાછળ દોડ્યા હતા, પરંતુ ટેમ્પો અને નજીક આવેલી ઇલેક્ટ્રિક DP વચ્ચે ફસાઈ જતાં તેમને ગંભીર ઇજાઓ પહોંચી હતી.

# ભેસ્તાન-ડિંડોલીમાં બનેલા ઓક્સિજન પાર્કનું લોકાર્પણ

**ભેસ્તાનમાં મિયાવાંકી પદ્ધતિથી 25,000 વૃક્ષોનું વાવેતર**

**પ્રકૃતિનું સંવર્ધન આવનારી પેઢીઓ પ્રત્યેની આપણી નૈતિક જવાબદારી છેઃ સી.આર. પાટિલ**

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા પર્યાવરણની જાળવણી અને ગ્રીન કવર વધારવાના આશય સાથે ભેસ્તાન-ડિંડોલી ખાતે એક મેગા વૃક્ષારોપણ મહાઅભિયાન યોજવામાં આવ્યું હતું. આ અંતર્ગત મેયર માયાબેન માવાણીની ઉપસ્થિતિમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી 'ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી ઓક્સિજન પાર્ક'માં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મંત્રીએ સ્મરણ તકતીનું અનાવરણ કરીને આ આધુનિક ઓક્સિજન પાર્ક જનતાને સમર્પિત કર્યો હતો અને જણાવ્યું હતું કે, પ્રકૃતિનું સંવર્ધન એ માત્ર આજની જરૂરિયાત નથી, પરંતુ આવનારી પેઢીઓ પ્રત્યેની આપણી નૈતિક જવાબદારી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'એક પેડ મા કે નામ' અભિયાનથી પ્રેરિત આ ઝુંબેશમાં જાપાનીઝ મિયાવાંકી પદ્ધતિનો ઉપયોગ કરીને ખૂબ જ ટૂંકા ગાળામાં ગીચ વન તૈયાર કરવા માટે લીમડો, પીપળો, બોરસલ્લી, શેતુર, જામફળ, આમળા, સેવન, સીતાફળ અને સરગવો જેવી વાતાવરણમાં વધુ ઓક્સિજન મુક્ત કરતી 40થી વધુ સ્થાનિક પ્રજાતિના 25,000 જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

મિયાવાંકી જંગલના નિર્માણની સાથે-સાથે પર્યાવરણ પ્રેમી નાગરિકોને ઘરઆંગણે વાવવા માટે વધારાના 5,000 નંગ વિવિધ જાતના રોપાઓનું વિનામૂલ્યે વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# હરીપુરાની જ્વેલર્સ શોપનો કારીગર ૩૦.૪૨ લાખના ચોરી રફુચક્કર

**ભવાનીવડની જ્વેલરી શોપના મેનેજર ઉપરના માળે ગયા અને ૧૦ મિનિટમાં કારીગર લોકરમાંથી મુદ્દામાલ સમેટી નાસી છૂટ્યો**

સુરત : સુરતના હબ ગણાતા મહિધરપુરા હીરાબજારમાં વધુ એક વખત કારીગર દ્વારા કરોડોના કિંમતી હીરા અને સોનાના દાગીનાની ચોરીનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

પીપલોદ ખાતે રહેતા અને મહિધરપુરા પોલીસ મથકની હદમાં ભવાનીવડ મેઈન રોડ પર 'S ANDHA JEWELS' નામથી સોના-ચાંદીના દાગીના બનાવવાનો વ્યવસાય કરતા પ્રદીપકુમાર ચંદ્રનાથ માઈતી સાથે તેમના જ જૂના અને ભરોસાપાત્ર કારીગરે રૂપીયા ૩૦,૪૨,૦૧૬/- ની કિંમતના સોનાના દાગીના તથા કિંમતી ડાયમંડની ચોરી કરી નાસી છૂટતા મહિધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ સુરતમાં સ્થાયી થયેલા પ્રદીપકુમારે ગત તા. ૦૫/૦૬/૨૦૨૬ના રોજ અગાઉ પાંચ વર્ષ કામ કરી ચૂકેલા કારીગર સંજીબ ઉર્ફે બાપન સ્વપન સાધ્ય (રહે. હુગલી, પશ્ચિમ બંગાળ) ને માસિક રૂ.૨૫,૦૦૦ ના પગાર પર ફરી નોકરીએ રાખ્યો હતો.

ગત તા. ૧૬ જૂનના રોજ રાત્રે કામ વધુ હોવાથી મેનેજર સુદીપકુમાર દાસ દાગીના પરત લીધા વિના નીકળી ગયા હતા, જેથી સંજીબે આ કિંમતી મુદ્દામાલ પોતાના લોકરમાં મૂક્યો હતો.

બીજા દિવસે સવારે મેનેજરે સંજીબને લોકરમાંથી દાગીના કાઢવા જણાવ્યું અને પોતે દસ મિનિટ માટે ઉપરના માળે ગયા, તે જ ગાળામાં સંજીબ રૂ.૧૧.૬૫ લાખની કિંમતનું ૧૧૧.૫૬૫ ગ્રામ સોનું અને રૂ. ૧૮.૭૬ લાખની કિંમતના ૬૨.૩૮ કેરેટના કિંમતી હીરા (GIA સર્ટીફીકેટ વાળા તથા નેચરલ ડાયમંડ) ચોરીને ફરાર થઈ ગયો હતો.

મેનેજરે નીચે આવીને જોતા સંજીબ ગાયબ હતો અને તેનો ફોન પણ બંધ આવતો હતો. જ્વેલ્સના CCTV કેમેરા ચેક કરતા સંજીબ ચોરી કરીને ભાગતો સ્પષ્ટ નજરે પડ્યો હતો. ભોગ બનનારે પોતાના સ્તરે તપાસ કર્યા બાદ આખરે મહિધરપુરા પોલીસ મથકમાં આરોપી સંજીબ સાધ્ય વિરૂદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ચોરને ખબર જ ન હતી સાઈકલ પર બંદૂક છે

**ગાયત્રી મંદિરની બહારથી સાઇકલ ચોરનાર ઝડપાયો**

સુરતઃ બંદુક સાથેની સાઈકલ ચોરનાર પકડાયો ત્યારે તેણે પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે તેનો ઈરાદો માત્ર સાઈકલ ચોરવાનો હતો. બંદૂકની તેને ખબર જ ન હતી.

ફરિયાદ મુજબ, ગોટાલાવાડી રેલરાહત કોલોનીમાં રહેતા સિક્યુરિટી ગાર્ડ ધર્મેન્દ્ર શિવનાયક તિવારી ગુરુવારે છ જીવતા કારતૂસ કવરમાં ભરી સાઈકલની ડાંડી સાથે બાંધી વસ્તાદેવડી રોડ પર આવેલા ગાયત્રી મંદિરે દર્શન કરવા ગયા હતા. ઉતાવળમાં તેઓ સાઈકલને લોક મારવાનું ભૂલી ગયા હતા. અંદાજે 15 મિનિટ બાદ બહાર નીકળતા ગન બાંધેલી સાઈકલ ગાયબ મળી હતી. શોધખોળ છતાં કોઈ પત્તો ન લાગતા તેમણે કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ચોરીમાં રૂ.16,840નો મુદ્દામાલ ગયો હોવાનું જાહેર થયું હતું.

ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. સર્વેલન્સ સ્ટાફના અ.હે.કો. ચંદ્રદીપસિંહ, જયરાજસિંહ તથા અ.પો.કો. કુલદીપભાઈને મળેલી બાતમીના આધારે આરોપી રાહુલ કાળુ ચૌહાણ (ઉં.વ.43)ને મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી મૂળ બિહારના નવાદા જિલ્લાનો વતની છે અને છેલ્લા 30થી 35 વર્ષથી સુરતમાં રહી છૂટક મજૂરી કરે છે તેમજ હાલ વસ્તાદેવડી રોડ પર ફૂટપાથ પર રહે છે.

પ્રાથમિક પૂછપરછમાં તેણે સાઈકલ ચોરીની કબૂલાત કરી છે. જોકે, ગન બાંધેલી હોવાની જાણ હતી કે નહીં અને અન્ય કોઈ ઈરાદો હતો કે કેમ તે મુદ્દે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# ચેમ્બરના એક્સપોમાં એક્ઝિબિટર્સને 600 કરોડથી વધુ બિઝનેશ મળ્યો

**વોટરજેટના હોમ ફર્નિશિંગ ફેબ્રિક્સની બજારમાં ભારે ડિમાન્ડ : જીરાવાળા**

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા તા. ૨૬ થી ૨૮ જૂન ૨૦૨૬ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે યોજાયેલા ત્રણ દિવસીય 'ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો-૨૦૨૬' નું આજે રવિવારે સમાપન થયું હતું. આ પ્રદર્શનમાં ભાગ લેનારા એક્ઝિબિટર્સને સુરત શહેરની સાથે જ સમગ્ર દેશ અને વિદેશમાંથી આવેલા જેન્યુન બાયર્સ તરફથી અભૂતપૂર્વ અને જબરજસ્ત પ્રતિસાદ સાંપડ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોક જીરાવાલાએ એક્ષ્પોની સફળતા અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, "આ પ્રદર્શનનો મુખ્ય હેતુ ભારત અને વિદેશના ફેબ્રિક ઉત્પાદકો, ટેક્સટાઈલ ઉદ્યોગકારો, ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ, ફેશન ડિઝાઈનર્સ, નિકાસકારો અને હોલસેલર્સને એક જ પ્લેટફોર્મ પર લાવવાનો હતો, જેમાં ચેમ્બરને મોટી સફળતા મળી છે. ભારતની મુખ્ય કાપડ મંડીઓ જેવી કે જયપુર, જોધપુર, ઈરોડ, પૂણે, બનારસ, ગ્વાલિયર, હૈદરાબાદ, બેંગ્લોર, ચંડીગઢ, લુધિયાના, કોલકાતા, લખનઉ, ચેન્નાઈ, મુંબઈ અને દિલ્હીથી ફેબ્રિક્સના મોટા ગજાના જેન્યુન બાયર્સ તેમજ દેશના અગ્રણી કોર્પોરેટ હાઉસીસના પર્ચેઝ મેનેજરોએ આ પ્રદર્શનની ખાસ મુલાકાત લીધી હતી." તેમણે ઉમેર્યું કે, પ્રદર્શનના શરૂઆતના બે દિવસ દરમિયાન ૨૦,૦૦૦ વિઝીટર્સે મુલાકાત લીધી હતી, જ્યારે આજે રવિવારની રજાના દિવસે વધુ ૧૫,૦૦૦ લોકો ઉમટી પડ્યા હતા. આમ, ત્રણ દિવસમાં કુલ ૩૫,૦૦૦ જેટલા વિઝીટર્સ અને ૨,૫૦૦ થી વધુ અલગ-અલગ શહેરોના જેન્યુન બાયર્સે આ એક્ઝિબિશન નિહાળ્યું હતું.

### વિસ્કોસ, સાલસા અને હોમ ફર્નિશિંગ ફેબ્રિક્સની ધૂમ ડિમાન્ડ

ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો-૨૦૨૬ના ચેરમેન ડો. હરેશ પટેલે વ્યાપારી ટ્રેન્ડ્સ અંગે જણાવ્યું કે, વિસ્કોસ ફેબ્રિક ઉપર પોઝિશન પ્રિન્ટ, એરજેટ મશીન પર બનેલા સાલસા પ્લેન અને સાલસા બુટીના ફેબ્રિક્સમાં ભારે આકર્ષણ જોવા મળ્યું હતું. આ ઉપરાંત નાયલોન ફેબ્રિક અને ટોપ ડાયડ સાડીઓની જેમ જ વોટરજેટ લૂમ્સ પર તૈયાર થયેલા હોમ ફર્નિશિંગના પ્લેન ફેબ્રિક તથા ડોબી ફેબ્રિકની પણ બજારમાં ખૂબ ડિમાન્ડ રહી હતી.

આજે વટસાવિત્રી સુરતમાં વડનાં ઝાડ જૂજ હોવાથી નર્સરીનો નવો ધંધો

# પૂજા માટે વડ પણ ભાડે લેવા પડે છે

**મહિલાઓ દ્વારા જે તે સોસા.માં ભાડેથી વડ લાવીને તેની પૂજા કરી પરત આપવામાં આવે છે**

**સનાતન ધર્મમાં માનનારી તમામ સમાજની મહિલા વટ સાવિત્રીની ઉજવણી કરે છે**



સુરતઃ આજે વટસાવિત્રીની પૂજા કરીને સૌભાગ્યવતી સ્ત્રીઓ પતિના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરશે. જો કે આ દિવસે જે વડની પૂજા થાય છે તે શહેરમાં ખૂબ જ ઓછા હોવાથી તેને ભાડે લેવા પડે છે.

વટ સાવિત્રીના દિવસે વહેલી સવારથી જ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલાં વડનાં વૃક્ષો પાસે પરિણીત મહિલાઓ મોટી સંખ્યામાં ઊમટી પડે છે. પતિના દીર્ઘાયુષ્ય, સુખી દામ્પત્ય જીવન અને પરિવારના કલ્યાણની કામના સાથે મહિલાઓ ઉપવાસ રાખી પરંપરાગત વિધિ મુજબ વડના વૃક્ષની પૂજા-અર્ચના કરે છે. પૂજા દરમિયાન મહિલાઓ વડના વૃક્ષને કાચો દોરો વીંટાળી પરિક્રમા કરે છે. વટ સાવિત્રીમાં કોટ વિસ્તાર, અઠવાલાઈન્સ, અડાજણ, કતારગામ, વરાછા, વેસુ, પાલ અને અન્ય વિસ્તારોમાં આવેલાં મંદિરો તેમજ જાહેર સ્થળોએ ધાર્મિક માહોલ જોવા મળે છે. આજે સુરતમાં જૂજ વડનાં ઝાડ રહ્યાં છે. તેમજ જ્યાં વડનાં ઘટાદાર વૃક્ષો છે, ત્યાં મહિલાઓની ભારે ભીડ જામતી હોવાથી પૂજામાં ખાસ્સો સમય લાગતો હોય છે.

હવે શહેરના ખાસ કરીને વરાછા, કતારગામ, રાંદેર-અડાજણ, કોટ વિસ્તારના સુરતી, ઘોડ દોડ રોડ, સિટી લાઈટ સહિતના પોશ વિસ્તારમાં વટ સાવિત્રીના વ્રતની ઉજવણી કરવા માટે સુહાગન મહિલા નર્સરીમાંથી વડનું છોડ ભાડે અથવા વેચાતું લાવી ઘર કે સોસાયટીમાં પૂજા કરે છે. સુરતમાં ઘણી નર્સરીઓ વટ સાવિત્રીની પૂજા માટે વડનો છોડ (વડનું વૃક્ષ) ભાડે આપે છે. આ છોડ ઘર સુધી પહોંચાડવા અને પૂજા બાદ પાછા લઈ જવાની સુવિધા પણ મોટા ભાગની નર્સરીઓ આપે છે. આ અંગે પીપલોદ વિસ્તારમાં અનન્ય ગ્રીન નર્સરીના સંજય કુશ્વાહે જણાવ્યું હતું કે, દર વર્ષે વટ સાવિત્રી વ્રત નિમિત્તે અમારી નર્સરીમાંથી ૩૦થી ૪૦ જેટલાં વડ રોપેલાં કુંડા મહિલાઓ લઈ જાય છે. વડના બેથી ત્રણ ફૂટના છોડની કિંમત માત્ર દોઢસોથી બસ્સો રૂપિયા હોવાથી ખરીદીને પણ લઈ જવામાં આવે છે. જ્યારે સંસ્થા દ્વારા મોટાપાયે વટ સાવિત્રીની ઉજવણી કરવામાં આવે ત્યારે મોટી સંખ્યામાં વડના છોડ ભાડે લઈ જાય છે.

### દેશમાં તિથિએ વટ સાવિત્રીના વ્રતની ઉજવણી થાય છે

સુરતના જાણીતા જ્યોતિષ આચાર્ય હંસરાજજીએ જણાવ્યું હતું કે, ઉત્તર ભારતમાં વટ સાવિત્રીનું વ્રત જેઠ મહિનાની અમાવસે મનાવવામાં આવે છે. અમાસ પ્રમાણેની ઉજવણી ગત તા.૧૬મી મેએ થઈ હતી. જ્યારે ગુજરાત, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારતમાં આ વ્રતનો આજથી પ્રારંભ થયો છે અને તેનાં પારણા તા.૩૦-૬-૨૬ના રોજ મંગળવારે પુર્ણિમાએ થશે.